Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-19 ■ તા. 03-05-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

અમદાવાદ-ગાંધીનગરના આકાશમાં એરફોર્સ હેલિકોપ્ટરથી સર્વેલનસ હાથ ધરાયું

અમદાવાદ,તા.૦૨

કોરોના વાયરસ ને ડામવા ભારતમાં કામ કરી રહેલા કોરોના વોરિયર્સને અનોખી રીતે સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપીન રાવતે શુક્રવારે સાંજે આર્મ્ડ ફોર્સિસના આ પહેલની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, ભારતીય વાયુસેના ૩ મેના રોજ એક ફ્લાયપાસ્ટમાં ફૂલોનો વરસાદ કરીને કોરોના વોરિયર્સ પ્રતિ સન્માન આપશે. ત્યારે અમદાવાદ અને ગાંધીનગરની હોસ્પિટલોમાં જ્યાં કોરોના વાયરસના દર્દીઓની સારવાર થઈ રહી છે ત્યાં એરફોર્સના હેલિકોપ્ટરે દ્વારા આવતીકાલે સવારે ૯ થી ૧૦ વાગ્યા દરમિયાન પુષ્પવર્ષા કરવામાં આવશે. ત્રણેય પાંખના વડા દ્વારા ગઈકાલે જાહેરાત કરવામાં આવી હતી કે, આવતીકાલે સવારના સમયગાળા દરમિયાન કોરોના યોદ્ધાઓનું પુષ્પ વર્ષાથી અભિવાદન અને સન્માન કરાશે.

જનરલ રાવતે કહ્યું કે, વાયુસેના શ્રીનગરથી તિરુવનંતપુરમ સુધી એક ફ્લાયપાસ્ટ કરશે. બીજી ફ્લાય પાસ્ટ આસામના ડિબ્રુગઢથી શરૂ થઈને ગુજરાતના કચ્છ સુધી જશે.તેમાં ટ્રાન્સપોર્ટ અને લડાકુ, બંને પ્રકારના વિમાન સામેલ થશે. ભારતીય વાયુસેનાના ઈતિહાસમાં આવુ પહેલીવાર હશે, જ્યારે પેન-ઈન્ડિયા ફ્લાયપાસ્ટ થવા જઈ રહી છે. નેવીએ પોતાના જહાજો પર રવિવારે રોશની કરવાનો નિર્ણય કર્યો છે. જ્યારે કે ઈન્ડિયન આર્મી કોવિડ હોસ્પિટલોની પાસે માઉન્ટેન બેડ ડિસ્પ્લે આયોજિત કરશે. ગાંધીનગર આકાશમાં આજે હેલિકોપ્ટરના આંટાફેરા જોવા મળ્યા હતા. જેને કારણે ગાંધીનગરના નગર જિલ્લામાં ઉત્સુકતા વધી હતી. તો અમદાવાદ શહેરના આકાશમાં પણ એરફોર્સ હેલિકોપ્ટરથી સર્વેલનસ શરૂ કરાયું હતું. ચૈ-૧૭ હેલિકોપ્ટર શહેરના આકાશમાં ઉડતું જોવા મળ્યું.

ગાંધીનગર જિલ્લા કલેકટર દ્વારા આવતીકાલના પુષ્પવર્ષાના કાર્યક્રમ અંતર્ગત હેલિકોપ્ટર ઉડી રહ્યું હોવાનો ખુલાસો કરાયો હતો. તો અમદાવાદ એરફોર્સ દ્વારા ફ્લાય પાસ્ટ યોજવામાં આવનાર છે. દેશમાં ફ્લાય પાસ્ટ ફ્લાય પાસ્ટ યોજાય તે પૂર્વે હવાઈ નિરીક્ષણ શરૂ કરાયું છે. આવતીકાલે ૩ મેનાં આકાશમાં લડાકુ વિમાનોની ફ્લાયપાસ્ટ યોજાશે. પ્લેનમાંથી કોરોના વોરિયર્સ માટે પુષ્પવર્ષા થશે. કોરોના મહામારી સામે લડત

આપી રહેલાં ડૉક્ટરો, નર્સો, પોલીસકર્મીઓ વગેરે કોરોના વૉરિયર પ્રત્યે આભાર પ્રગટ કરાશે. સૈન્યની ત્રણેય પાંખ દ્વારા ત્રીજી મેનાં રોજ વિવિધ કાર્યક્રમનું આયોજન કરશે. ૩ મેનાં રોજ એરફોર્સ દ્વારા શ્રીનગરથી ત્રિવેન્દ્રમ અને આસામના દિબ્રુગઢથી કચ્છ સુધી ફ્લાયપાસ્ટ યોજાશે. લડાકુ વિમાનોમાંથી કેટલાંક વિસ્તારોમાં ફૂલોની વર્ષા કરવામાં આવશે. ભારતીય નૌકાદળ ત્રીજી મેની સાંજે સમુદ્રકાંઠાના વિસ્તારોમાં યુધ્ધજહાજોનું ફોર્મેશન રચી તેનું નિદર્શન કરશે.

મોતની અફવાઓ વચ્ચે ૨૦ દિવસ બાદ જાહેરમાં દેખાયા કિમ જોંગ

પ્યોંગયોંગ,તા.૨

બીમારીની અટકળો વચ્ચે તાનાશાહ કિમ જોંગ ઉનને લઈ મોટા સમાચાર, ૨૦ દિન બાદ નજરે પડ્યો ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગના સ્વાસ્થ્યને લઈને થઈ રહેલી અટકળો વચ્ચે શુક્રવારે તે સાર્વજનિક રીતે સામે આવ્યા. ઉત્તર કોરિયાની સરકારી ન્યૂઝ એજન્સીએ આ વાતની જાણકારી આપતા કહ્યું કે કિમ ૨૦ દિવસ બાદ નજરે પડ્યા છે.એક ન્યુઝ એજન્સી મુજબ કિમ જોંગ ઉને સુનચિઓનમાં એક ફર્ટિલાઈજર ફેક્ટરી બનીને તૈયાર થવાના અવસર પર આયોજીત સમારોહમાં ભાગ લીધો આ જગ્યા રાજધાની પ્યોંગયાંગની નજીક છે. આ દરમિયાન કિમની બહેન કિમ યો જોંગ પણ હાજર રહી. જોકે, આ સમારોહની તસવીરો હાલ સાર્વજનિક થઈ નથી.

ઉત્તર કોરિયાની તાનાશાહ કિમ જોંગ ઉનના સ્વાસ્થ્યને લઈને અનિશ્ચિતતાની સ્થિતિ બની છે. કેટલાક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે હાર્ટ સર્જરી બાદ તેમની મોત થઇ ગઈ છે. કિમ કયા છે અને તેમનું સ્વાસ્થ્ય કેવું છે. આ એક રહસ્ય છે. તેમનું કારણ એવું છે કે તે ૧૧ એપ્રિલ બાદ સરકારી મીડિયામાં જોવા મળ્યા નથી. તેના એક દિવસ બાદ જ તેમનું ઓપરેશ થયું હતું.

વ્યાપારમાં ગંભીર પરિણામની ચીનની ઓસ્ટ્રેલિયાને ચેતવણી

કેનબેરા,તા.૨

ઓસ્ટ્રેલિયા દ્વારા પણ અમેરિકા અને અન્ય દેશોની જેમ કોવિડ-૧૯ (કોરોના વાઇરસ)ના રોગચાળાની સ્વતંત્ર તપાસની માગણી કરાતા ચીને ઓસ્ટ્રેલિયાને વ્યાપારમાં ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેવાની ચેતવણી આપી હતી. ઓસ્ટ્રેલિયાના માલસામાન, પર્યટન અને શૈક્ષણિક સંસ્થાઓનો બહિષ્કાર કરવાની ચીનની ચેતવણીને લીધે ઓસ્ટ્રેલિયાના ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓમાં ચિંતા ફેલાઇ છે.ચીને આક્ષેપ કર્યો હતો કે ઓસ્ટ્રેલિયા દ્વારા અમેરિકાના કહ્યા મુજબ આ રોગચાળાની સ્વતંત્ર તપાસની માગણી કરાઇ રહી છે ઓસ્ટ્રેલિયાની પહેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ, યુકે, જર્મની સહિતના અનેક દેશના નેતાઓએ કોવિડ-૧૯ના રોગચાળાના સંબંધમાં સ્વતંત્ર તપાસની માગણી કરી હતી.ચીનના એલચી ચેંગ જિંગીએ ચેતવણી આપી હતી કે ઓસ્ટ્રેલિયા કોવિડ-૧૯ રોગચાળાની સ્વતંત્ર તપાસ માટેની માગણી ચાલુ રાખશે તો ચીનના વિદ્યાર્થીઓ અને પર્યટકો ઓસ્ટ્રેલિયા જવાનો પોતાનો કાર્યક્રમ બદલી શકે છે.

આ ઉપરાંત, ઓસ્ટ્રેલિયા ખાતેથી આયાત કરાતા માલસામાનનો ચીનમાં બહિષ્કાર કરાઇ શકે છે.આમ છતાં, ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન સ્ટોક મોરીસન કોવિડ-૧૯ના રોગચાળાની સ્વતંત્ર તપાસની પોતાની માગણીને મુદ્દે મક્કમ રહ્યા હતા.

એલન મસ્કની એક ટ્વિટના કારણે શેરોમાં ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો

વોશિંગ્ટન,તા.૨

દુનિયાની દિગ્ગજ ઈ-વાહન કંપની ટેસલાના સીઈઓ એલન મસ્ક પોતાની જ કંપની માટે ભસ્માસુર બની ગયા છે. તેમના એક ટ્વીટના કારણે કંપનીના શેરમાં મોટો ઝટકો લાગ્યો છે. મસ્કે ટ્વીટ કર્યું હતું કે, કંપનીના શેરની કિંમત ખૂબ વધુ છે, જેના પરિણામસ્વરૂપ બજારમાં ટેસલાના શેરોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો.એક રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણએ શરૂઆતના અડધા કલાકમાં જ ટેસલાના શેરમાં લગભગ ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જો કે, બાદમાં કંપનીના શેરમાં તેજી જોવા મળી હતી. જે ૭.૧૭ના ઘટાડા સાથએ ૭૦૧.૩૨ (૫૨,૫૯૯ રૂપિયા) ડોલર પર બંધ રહ્યો હતો.આ અગાઉ મસ્કે ઓગસ્ટ ૨૦૧૮માં કંપનીને લઈ એક વિવાદીત ટ્વીટ કર્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે, ટેસલા ખાનગી કંપની બનવા જઈ રહી છે અને તેની સાથે શેર ૪૨૦ ડૉલરના હિસાબે વેચાશે.

કોરોના ગ્લોબલ ઈમરજન્સી બની રહેશે, અત્યારે તેનાથી છૂટકારો સંભવ નથી

કોરોના વાયરસ પ્રાકૃતિક રીતે ઉત્પન્ન થયો છે: WHO

World Health Organization

જિનિવા,તા.૨

ચીનથી ફેલાયેલ ખતરનાક વાયરસ અને વૈશ્વિક મહામારી કોરોના વાયરસને લઈ હવે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના ઈમરજન્સી સ્થિતિઓના પ્રમુખ ડોક્ટર માઈકલ રાયને મહત્વનું નિવેદન આપ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ રાયને કહ્યું કે કોરોના વાયરસ પ્રાકૃતિક રીતે ઉત્પન્ન થયો છે. તેમનું આ નિવેદન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એવા નિવેદન પછી આવ્યું જેમાં ટ્રમ્પે કહ્યું હતું કે તેમની પાસે ઘણી એવી માહિતી છે જે સંકેત આપે છે કે કોરોના વાયરસ ચીનની વાયરોલોજી ઈન્સ્ટિટ્યૂટ લેબથી પેદા થયો છે.

મીડિયા રિપોર્ટ મુજબ રાયને કહ્યું કે વિશ્વ આરોગ્ય સંસ્થાની ટીમે વારંવાર ઘણા બધા એવા વૈજ્ઞાનિકો સાથે આ અંગે ચર્ચા કરી. જેમને વાયરસના જીન સીક્વેન્સને જોયો છે અને અમને એ વાત પર સંપૂર્ણ વિશ્વાસ છે કે વાયરસ પ્રાકૃતિક રીતે પેદા થયો છે. આ સિવાય તેમને એમ પણ કહ્યું કે કોરોના વાયરસથી પ્રાકૃતિક હોસ્ટની શોધ કરવી જરૂરી છે. જેથી આ અંગે વધુ માહિતી મળવી શકાય અને ભવિષ્યમાં એવા જોખમથી બચી શકાય.

આપણે જણાવી દઈએ કે આ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે પૂર્ણ વિશ્વાસ છે કે કોરોના વાયરસ ચીનની વાયરોલોજી ઈન્સ્ટિટ્યૂટથી પેદા થયો છે. ટ્રમ્પ વારંવાર ચીન પર આરોપ લગાવતા રહ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ તેમણે તો એમ પણ કહ્યું હતું કે તેઓ ચીન પર લાગતા ટ્રેરિફમાં પણ વધારો કરશે. કારણ કે ચીનના કારણ હાલ અમેરિકાના હાલ બેહાલ છે. ઉલ્લેખનીય છે કે વિશ્વના મોટા ભાગના વૈજ્ઞાનિકોનું માનવું છે કે કોરોના વાયરસ ચીનના વુહાન શહેરમાં આવેલ એક એનિમલ માર્કેટમાંથી પેદા થયો છે. જો કે, અત્યાર સુધી આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી.

કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પે રીમડેસિવીરના ઉપયોગની મંજૂરી આપી

વોશિંગ્ટન,તા.૨

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કોરોના વાયરસની સારવારમાં રીમડેસિવીરનો ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી. અત્યાર સુધી ટ્રમ્પ કોરોની સારવાર માટે સૌથી અસરકારક દવા તરીકે મેલેરિયાની દવા હાઇડ્રોક્સીક્લોરોક્વિન હોવાનો દાવો કરી રહ્યા હતા. યુ.એસ.માં રીમડેસિવીર દવાથી કોરોના દર્દીઓ પર સારા પરિણામો જોવા મળ્યા છે. ઇબોલા વાયરસ માટે પ્રથમ પરીક્ષણ કરાયેલ આ એન્ટિવાયરલ દવાને ડોક્ટરો સકારાત્મક રીતે જોઈ રહ્યા છે. જેને આ દવા અપાય છે તેને સરેરાશ ૧૧ દિવસમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે છે.

કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પ સરકારે મોટી રાહત આપી

એચ-૧બી વિઝા અને ગ્રીનકાર્ડ અરજકર્તાઓને અમેરિકામાં ૬૦ દિવસ રહેવાની છૂટ

વોશિંગ્ટન,તા.૨

ભારત જેવા દેશોના પ્રેફેશનલ્સ અને ટુરિસ્ટો માટે ટ્રમ્પ સરકારે મોટી રાહત આપી છે. અમેરિકન સરકારે H1-B વિઝા ધારકો અને ગ્રીન કાર્ડના અરજકર્તાઓ માટે ૬૦ દિવસના ગ્રેસ પીરિયડની જાહેરાત કરી છે. જેમને દસ્તાવેજો જમા કરાવવાના પગલે નોટિસ આપવામાં આવી હતી. અમેરિકામાં કોરોના વાઈરસથી સ્થિતિ ગંભીર છે. અહીં ૧૧ લાખથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત છે, જ્યારે ૬૬ હજાર કરતા વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.અમેરિકન સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીઝએ જણાવ્યું કે, અરજકર્તાઓને ૬૦ દિવસ માટેનો ગ્રેસ પીરિયડ આપવામાં આવશે. જે લોકોને છૂટમાં સામેલ કરવામાં આવ્યા છે, તેમણે પોતાના દસ્તાવેજો અને પુરાવા જમા કરાવી શકશે અને પોતાની અરજી પરત ખેંચવા સાથે તેને રદ્દ પણ કરી શકશે. અમેરિકન ઈમિગ્રેશન સર્વિસે એમ પણ જણાવ્યું કે, અમે અમેરિકનોની નોકરીઓની સુરક્ષા કરવા માંગીએ છીએ.USCICનું કહેવું છે કે, કોરોના વાઈરસના સંકટ દરમિયાન લોકો પોતાની નોટિસમાં આપવામાં આવેલી રિક્વેસ્ટનો જવાબ આરામથી આપી શકે, તે માટે આ છૂટ આપવામાં આવી છે. આ માટે ફોર્મ I-290B ભરી શકશે. એચ૧-બી વિઝા હોલ્ડર્સ અને ગ્રીન કાર્ડ અરજકર્તાઓ પર કોઈ પણ એક્શન લેતા પહેલા USCIC ૬૦ દિવસોની અંદર પ્રાપ્ત થયેલા I-290B ફોર્મ પર વિચાર કરશે.જણાવી દઈએ કે, અગાઉ એપ્રિલમાં પણ અમેરિકન સરકારે H1-B વિઝા ધારકોના વિઝા વધારવાનો નિર્ણય કર્યો હતો. સરકારે આવા H1-B વિઝા ધારકો પાસે અરજીઓ મંગાવી હતી, જેની વિઝા પરમિત સમાપ્ત થઈ રહી હોય અને તેઓ કોરોના કારણે દેશની નીકળી શકે તેમ ના હોય. આવા લોકોને રોકવા માટે વધારાનો સમય આપવામાં આવ્યો છે.

ભૂખ્યા બાળકને ખાતરી આપવા માતાએ પથ્થર ઉકાળ્યા..!!

નૈરોબી,તા.૨

કેન્યામાં આઠ બાળકની માતાએ તેના બાળકો ખાતરી આપવા વાસણમાં રસોઈ બનતી હોય તેમ પથ્થરો ઉકાળવા મૂક્યા હતા. મહિલાએ જણાવ્યું હતું કે, બાળકો જમવાની રાહ જોતા જોતા સુઈ જાય, તે માટે મેં આવું કર્યું હતું. બીબીસીના મતે મોમ્બાસામાં રહેનારી મહિલા પનિહા બહાતી કિસાવ નિરક્ષર છે. તે લોકોના કપડાં ધોઈને ગુજરાન ચલાવે છે. કોરોનાને લીધે લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરી રહ્યા છે. જેથી તેની પાસે હવે કામ રહ્યું નથી. મહિલાના પડોશીઓએ આ દુખદ દ્રશ્ય જોયું તો મીડિયાને જાણ કરી હતી. તે સાથે મહિલાનું એક બેંક એકાઉન્ટ પણ ખોલ્યું હતું.આ પછી કેન્યાના ઘણા લોકો તેમની મદદ માટે આગળ આવ્યા. લોકોએ મહિલાના ખાતામાં અને મોબાઈલ દ્વારા મહિલાને દાન આપવાનું શરૂ કર્યું. કિસાવો વિધવા છે. ગયા વર્ષે તેના પતિની ડાકુ દ્વારા હત્યા કરવામાં આવી હતી. તે બે



રૂમના ઘરમાં રહે છે, જ્યાં પાણી કે વીજળીની સુવિધા નથી.લોકો પાસેથી મળેલી મદદ અંગે મહિલાએ ટૂકો ન્યૂઝ વેબસાઈટને કહ્યું, મારા માટે આ કોઈ ચમત્કારથી ઓછું નથી. હું માનતી નથી કે કેન્યાના લોકો આટલો પ્રેમ કરી શકે છે. મને દેશભરમાંથી કોલ આવી રહ્યા છે. દરેક જણ પૂછે છે કે તેઓ કેવી રીતે મદદ કરી શકે છે.કિસાવે કહ્યું, ''મારે મારા સૌથી નાના બાળકને ખાતરી આપવાની હતી કે હું રાંધુ છું.'' તે ભૂખથી રડી રહ્યો હતો. મારા બાકીના બાળકો થોડા મોટા છે. જ્યારે મેં તેમને કહ્યું કે, આપણી પાસે ખાવા માટે કંઈ નથી, તો તેઓ સમજી ગયા.''

સ્કૂલ યુનિફોર્મની સાથે હવે માસ્ક પણ ફરજિયાત કરવા વિચારણા

ન્યુ દિલ્હી,તા.૨

માનવ સંસ્થાન વિકાસ મંત્રાલય (એચઆરડી) સ્કૂલ–કોલેજો માટે માર્ગદર્શિકા બનાવી રહ્યું છે. મંત્રાલય દેશભરની તમામ સ્કૂલોના યુનિફોર્મ સાથે માસ્ક પણ ફરજિયાત બનાવવાની તૈયારીમાં છે. સાથે જ સ્કૂલોને સોશ્યલ ડિસ્ટસ્ટીંગ માટે પણ માર્ગદર્શિકા આપવામાં આવશે જેથી સ્કૂલ ખુલતાની સાથે જ કોરોના ફેલાવાનો ખતરો ઓછો થાય. આ ઉપરાંત બેઠક વ્યવસ્થા, અલગ અલગ મેસ અને લાઈબ્રેરીના નિયમો, પુનિનિર્મિત હોસ્ટેલ અને કેન્ટીન જેવા નિયમો પણ સ્કૂલ–કોલેજોમાં લાગુ પડશે. યારે પણ કલાસ બીજી વખત શરૂ થશે ત્યારે શિક્ષણ સંસ્થાઓએ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સ્કૂલમાં થતી પ્રાર્થના ઉપરાંત રમત–ગમતની પ્રવૃત્તિ પણ બધં કરવામાં આવી શકે છે.

હિન્દુઓએ નવરાત્રી ઘરમાં મનાવી તેમ મુસ્લિમો રમઝાન ઘરમાં જ મનાવે

લખનૌ,તા.૨

દેશના સૌથી મોટા રાજ્ય યુપીના મુખ્યમંત્રી યોગીએ અપીલ કરી છે કે, જે રીતે હિન્દુઓ નવરાત્રી ઘરમાં જ રહીને મનાવી તે રીતે મુસ્લિમો પણ રમઝાન ઘરમાં રહીને જ મનાવે.

એક ચેનલ સાથેની વાતચીતમાં યોગીએ કહ્યુ હતુ કે, મેં તમામ ધર્મના વડાઓ સાથે વાત કરી હતી. પૂજા કે નમાઝ ઘરે થઈ શકે છે. કોઈ પણ પ્રકારની ઉપાસના ઘરે થઈ શકે છે.

મારી અપીલ છે કે, નવરાત્રી દરમિયાન હિન્દુઓએ મંદિર નહી જઈને ઘરમાં પૂજા કરી હતી અને રામ નવમી પણ ઘરમાં રહીને મનાવી હતી તે જ રીતે રમઝાનમાં પણ લોકો ઘરમાં જ રહે અને જાહેરમાં કોઈ કાર્યક્રમ ના યોજે.

યોગીએ કહ્યુ હતુ કે, અન્ય રાજયોમાંથી પાછા ફરી રહેલા મજૂરો સરકાર માટે બહુ મોટો પડકાર છે. અન્ય રાજોયમાંથી આવનારા ૧૦ લાખ મજૂરોને ક્વોરેન્ટાઈન કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. બીજા રાજયો અમારી મદદ કરે કે ના કરે પણ અમે અમારા પ્રવાસી મજૂરો માટે વ્યવસ્થા કરી રહ્યા છે. જો મજૂરોમાં કોઈ લક્ષણ નહી હોય તો તેમને ઘરે જવા દેવામાં આવશે.

તંત્રી લેખ

કોરોનાને કારણે ૧૦ વર્ષ પાછળ ધકેલાઈ જશે ભારત

હાલમાં સમગ્ર વિશ્વ કોરોના વાયરસ સામે યુદ્ધ લડી રહ્યું છે અને મોટાભાગના દેશોમાં લોકડાઉન ચાલી રહ્યું છે. લોકડાઉનને કારણે વિશ્વની સાથે સાથે ભારતને પણ આર્થિક મંદીનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં યુ.એન.ની રિપોર્ટ સામે આવી છે જેનાથી દેશની મુશ્કેલી વધી શકે છે.લોકડાઉનનો સામનો કરી રહેલા દેશને નરેન્દ્ર મોદી સરકાર આર્થિક મંદીથી બચાવવા માટે તમામ શક્ય પ્રયત્નો કરી રહી છે. જો કે, આ પ્રયાસ પછી પણ, કોરોનાની ખરાબ અસર દેશના અર્થતંત્ર પડશે તે નક્કી છે. યુએનના રિપોર્ટ અનુસાર, લગભગ ૧૦ કરોડ લોકો કોરોનાને કારણે ગરીબી રેખા નીચે જશે. આનું સૌથી મોટું કારણ આખા દેશમાં આર્થિક પ્રવૃતિઓ સંપૂર્ણ બંધ હોવાનું કહેવાય છે.યુએન સંશોધનકારોએ તાજેતરમાં કોરોના વાયરસ પર લોકડાઉન પર વિશ્લેષણ હાથ ધર્યું છે. આ આધાર પર, એવી આશંકા છે કે ભારતમાં ૧૦૪ મિલિયનથી વધુ લોકો (૧૦ કરોડથી વધુ) વિશ્વ બેંક દ્વારા નિર્ધારિત ગરીબી રેખાની નીચે જશે. જેનો સરળ અર્થ એ છે કે તેઓ આત્યંતિક ગરીબીમાં જીવવા માટે મજબૂર થશે. યુએન અનુસાર, જે લોકો દરરોજ ૨૪૫ રૂપિયાથી ઓછું કમાય છે તેમને ગરીબી રેખાની નીચે રાખવામાં આવે છે.ભારતમાં આશરે ૬૦ ટકા વસ્તી એટલે કે ૮૧ કરોડ ૧૨ લાખ લોકો ગરીબી રેખા નીચે જીવે છે. જો આવું થશે તો ભારતમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોની સંખ્યા ૯૦ કરોડને વટાવી જશે. આ શોધમાં તેનું કારણ કોરોના વાયરસથી ઉત્પન્ન થતી પરિસ્થિતિને આભારી છે. જે ૬૦ ટકા ભારતીયો હજી ગરીબી રેખાની નીચે જીવે છે તે ૬૮ ટકા સુધી પહોંચી શકે છે. તમને જણાવી દઈએ કે એક દાયકા પહેલા ભારતની આ સ્થિતિ હતી, પરંતુ સરકારના પ્રયત્નો પછી ગરીબી રેખામાંથી બહાર આવનારા લોકોની સંખ્યામાં વધારો થયો છે.અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ગરીબી ઘટાડવાના સરકારના વર્ષોના પ્રયત્નોના આ થોડા મહિનાઓ (લોકડાઉન) એ એક ધક્કો પહોંચાડ્યો છે. જણાવી દઈએ કે વર્લ્ડ બેંક દેશોને ચાર વ્યાપક આવક કેટેગરીમાં વર્ગીકૃત કરે છે, તેના આધારે તેઓને ત્રણ ગરીબી રેખાઓમાં વહેંચવામાં આવ્યા છે. ભારત નીચા મધ્યમ આવક જૂથ વર્ગના દેશમાં આવે છે. એક દેશ જ્યાં વ્યક્તિ દીઠ વાર્ષિક કુલ રાષ્ટ્રીય આવક રૂ., ૭૮,૪૩૮ થી લઈને ૩ લાખ સુધીની હોય છે. તે દેશોમાં દરરોજ ૨૪૫ રૂપિયાથી ઓછી આવક કરનારાઓને ગરીબી રેખા નીચે ગણવામાં આવે છે.કોરોના વાયરસ અટકાવવા માટે દેશભરમાં લોકડાઉન ચાલુ છે. આ લોકડાઉનની આર્થિક અસરને ઘટાડવા માટે સરકાર તમામ શક્ય પગલાં લઈ રહી છે, પરંતુ આ લોકડાઉન કરોડો લોકોને ભારે પડશે. યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટીના એક સંશોધન મુજબ, જો કોરોના તેની ખરાબ સ્થિતિમાં પહોંચે છે, તો ભારતમાં ૧૦૪ મિલિયન અથવા ૧૦.૪ કરોડ નવા ગરીબોનો જન્મ થશે. યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટીએ આ સંશોધન ગરીબી રેખાથી નીચેના લોકો માટે વિશ્વ બેંક દ્વારા નિર્ધારિત આવક ધોરણો અનુસાર કર્યું છે.સંશોધન મુજબ, વર્લ્ડ બેંકના આવક ધોરણો અનુસાર, લગભગ ૮૧.૨ કરોડ લોકો ભારતમાં ગરીબી રેખાની નીચે જીવે છે. તે દેશની કુલ વસ્તીના ૬૦% છે. કોરોના વાયરસ રોગચાળો અને વધતા લોકડાઉનથી થતી આર્થિક અસરને કારણે, ભારતમાં ગરીબોની સંખ્યા વધીને ૯૧.૫ કરોડ થઈ જશે. આ ભારતની કુલ વસ્તીના ૬૮ ટકા જેટલું હશે. દેશમાં ગરીબોની સંખ્યાને લઈને એક દાયકા પહેલા જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ ફરી સામે આવશે. બીજા શબ્દોમાં કહીએ તો, ગત વર્ષોમાં ગરીબી ઘટાડવા ભારત સરકારે લીધેલા તમામ પગલા નિરર્થક બની રહેશે.વિશ્વ બેંકે આવકના આધારે વિશ્વના દેશોને ચાર કેટેગરીમાં વહેંચી દીધા છે. આ દેશોમાં, ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે ત્રણ ધોરણ નક્કી કરવામાં આવ્યા છે. લોઅર મિડલ આવક જૂથઃ એવા દેશોમાં કે જ્યાં માથાદીઠ વાર્ષિક રાષ્ટ્રીય આવક ૧૦૨૬થી ૩૯૯૫ ડોલર (રૂ. ૭૮,૪૩૮થી રૂ. ૩ લાખ) ની હોય છે. ભારત પણ આ કેટેગરીમાં સમાવિષ્ટ છે. રોજના ૩.૨ ડોલર (વાર્ષિક ૭૮ હજાર રૂપિયા)ની કમાણી કરનારાઓને ગરીબી રેખાની નીચે ગણવામાં આવે છે.

ભૂલ કોની...? લોકોની કે તંત્રની...? કોરોનામુક્ત ગાંધીનગરનો રેડઝોનમાં સમાવેશ

ગાંધીનગર,તા.૦૨

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં ગત તા.૨૦ એપ્રિલે એકપણ કોરોનાનો દર્દી રહયો નહોતો ત્યારે છેલ્લા દસ જ દિવસમાં જિલ્લામાં પોઝિટિવ દર્દીઓનો આંકડો ૫૩ સુધી પહોંચી ગયો છે. ત્યારે ઓરેન્જ ઝોનમાં રહેલો ગાંધીનગર જિલ્લો હવે રેડ ઝોનમાં તબદીલ થઈ ગયો છે. જેનું મુખ્ય કારણ કોરોનાનું ઝડપી અને વધતું સંક્રમણ છે. શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોટી સંખ્યામાં પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા હતા.

કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટે હાલ લોકડાઉનની સ્થિતિ છે પરંતુ ગાંધીનગર શહેર અને જિલ્લાને અમદાવાદની નજીક રહેવાનું હાલ તો મોંઘુ પડી ગયું છે. કેમકે ગાંધીનગર શહેરમાં ગત તા.૨૦ માર્ચે કોરોનાનો પ્રથમ દર્દી મળ્યા બાદ તેના પરિવારના અન્ય દસ લોકો પણ સંક્રમિત થયા હતા. ગાંધીનગર શહેરના આ પરિવાર સિવાય અન્ય કોઈ કોરોના સંક્રમિત દર્દીઓ જોવા મળ્યા નહોતા.

તા.૨૦મી એપ્રિલે ગાંધીનગર શહેર અને જિલ્લામાં એકપણ પોઝિટીવ દર્દી રહયો નહોતો. જેના કારણે કોરોનામુકત શહેર થઈ ગયું હોવાનો દાવો પણ કરાયો હતો. પરંતુ અમદાવાદથી અવરજવર કરતાં કર્મચારીઓ અને અન્ય લોકોના કારણે ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઓચિંતા જ પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા હતા. તા.૨૪ એપ્રિલ સુધી ગ્રીન ઝોનમાં રહેલા ગાંધીનગર જિલ્લાને આજે કેન્દ્ર સરકારે રેડ ઝોનમાં મુકી દીધો છે.

શહેર અને જિલ્લામાં છેલ્લા ચાર જ દિવસમાં ૩૦ દર્દીઓ નોંધાતાં ગાંધીનગર જિલ્લાને ઝડપી સંક્રમણ ફેલાતા ઝોનમાં મુકી દેવાની ફરજ પડી છે. એટલે હવે ગાંધીનગર જિલ્લામાં તા.૩ મે બાદ જે પ્રકારે ઝોન પ્રમાણે છુટછાટ આપવામાં આવનાર છે તેનો કોઈ લાભ મળશે નહીં. ગાંધીનગર શહેરમાં હાલ સે-૨૪, ૨૩, ૨૯, ૩, ૨, ૮, ૭, ૧૩ ના કેટલાક વિસ્તારો કલ્સ્ટર કવોરેન્ટાઈન છે તો ગાંધીનગર જિલ્લામાં અડાલજ, રાંધેજા, કોલવડા, પેથાપુર, નાંદોલ, હાલીસા, ઈટાદરા, ચડાસણા, કલોલ શહેરના અમુક વિસ્તારોનો પણ સમાવેશ કરાયો છે. જયાં કોઈ પ્રકારની છુટછાટ મળશે નહીં.

નિયમ ભંગ બદલ કાલ થી અત્યાર સુધીમાં ૭ લાખની પેનલ્ટી વસૂલ કરાઈઃ AMC

અમદાવાદ,તા.૦૨

શુક્રવારે અમદાવાદમાં પણ અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૬૭ પોઝિટિવ રિપોર્ટ મળ્યા હતા. જેમાંથી અમદાવાદમાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૩૨૯૩ પોઝિટિવ કેસો પૈકી ૧૬૫ નાગરીકોના મૃત્યુ થઈ ચૂક્યા છે. જ્યારે શુક્રવારે ૮૩ને ડિસ્ચાર્જ મળતા સાજા થઈને ઘરે પહોંચનારા દર્દીઓની સંખ્યા ૪૦૦એ પહોંચવા આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નહેરાએ આજે જણાવ્યું હતું કે, શહેરના તમામ લોકો લૉકડાઉનનું કડકમાં કડક રીતે પાલન કરે તે હિતાવહ છે. જો લૉકડાઉનનું પાલન થશે તો કોરોના સંક્રમણ અટકશે અને તો જ આપણે જલ્દીમાં જલ્દી લોકડાઉનને હટાવીને ઘરની બહાર નીકળી શકીશું. મેના અંત સુધીમાં સંક્રમણ નિયંત્રણમાં આવી જશે તેવો વિજય નહેરાએ દાવો કર્યો હતો.

વિજય નહેરાએ જણાવ્યું હતું કે, લૉકડાઉનનો ભંગ થયો ત્યાં કેસ વધારે નોંધાયા છે. જેથી દરેક લોકોએ ઘરની બહાર નીકળીને પાછા આવે ત્યારે વારંવાર હાથ ધોવા, જાહેરમાં ન થૂંકવું જોઈએ. તેમને ઉમેર્યું હતું કે, આજે એએમસી દ્વારા ૨૭૧૮૨ જેટલા ફ્રી માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ૪૪૬૯ સેનેટાઈઝર બોટલનું પણ વિતરણ કરવામાં આવ્યું છે. છસ્ઝની ટીમ દ્વારા શહેરની ૫૩૨ દુકાનો પર બેનર લગાવવામાં આવ્યા છે. તો ૩૨૨૦ ધંધાકિય એકમોની તપાસમાં ૪ યુનિટ સીલ કર્યા હોવાની માહિતી પણ તેમણે આપી હતી. અમદાવાદમાં કોરોનાના ખતરા વચ્ચે ફ્રન્ટ લાઇન કામ કરી પેરા મેડિકલ સ્ટાફ, નર્સ, હેલ્થ વર્કર, પોલીસ જવાનો અને સફાઈ કર્મી સહિતના કર્મચારીઓ અંગે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ જ્યારે પણ ફ્રન્ટ લાઇન કામ કરતા કર્મચારીઓને કોરોના પોઝિટિવ આવશે તો તેમને હોમ બેઝ શ્રેષ્ઠ સારવાર અપાશે તેમજ જો તેઓ હોમ બેઝ સારવાર લઇ શકે તેમ નહીં હોય તો ૪ સ્ટાર અને ૫ સ્ટાર હોટલમાં શ્રેષ્ઠ સારવાર આપવામાં આવશે જેનો ખર્ચ તંત્ર દ્વાર ઉઠાવવામાં આવશે તેમ વિજય નહેરાએ જણાવ્યું છે. શહેરમાં ૧ મેથી મોસ્ક ફરજિયાત કરવામાં આવ્યું છે. ત્યારે ગઈકાલ સવારથી અત્યાર સુધી રૂપિયા ૭ લાખની પેનલ્ટી વસૂલી હોવાની વાત કરી હતી. ગોમતીપુરમાં અલઅમીન ગરીબ નવાઝ હોસ્પિ.માં કોરોનાની સારવારની સુવિધા ઉભી કરવામાં આવી છે. કોરોનાના દર્દીને ગરીબ નવાઝ હોસ્પિટલમાં સારવાર મળશે. જમાલપુરમાં છીપા કોમ્યુનિટી

સેન્ટરમાં પણ કોરોનાની સુવિધા મળશે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૭ નવા કેસ, ૧૬ દર્દીના મોત, ૬૨ ડિસ્ચાર્જ થયા હોવાની વાત વિજય નહેરાએ જણાવી હતી. આ સાથે કુલ આંકડો જોઈએ તો, અમદાવાદમાં ૨૬૫૯ એક્ટિવ કેસ, કુલ ૪૫૬ દર્દી ડિસ્ચાર્જ થયા છે. આ સાથે શહેરમાં મધ્ય ઝોનમાં ૧૦૯૯, દક્ષિણ ઝોનમાં ૬૮૪ કેસ, પશ્ચિમ ઝોનમાં ૨૪૮, ઉત્તર ઝોનમાં ૨૯૩ કેસ, દક્ષિણ પશ્ચિમમાં ૬૭ કેસ, ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૫૫ કેસ હોવાનું જણાવ્યું છે.

સુરતમાં ૬૫૧ કોરોના પોઝિટીવ, ૨૫ના મોત, ૨૨૦૧ લોકો ક્વોરન્ટીન

સુરતમાં વતન જનારાને ચેકપોસ્ટ પરથી પરવાનગી આપવાનું કરાયું બંધ

સુરત,તા.૦૨

કોરનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યાની સાથે સાજાના થનારની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે.પાલિકાએ જણાવ્યાં પ્રમાણે હાલ ૬૫૧ દર્દીઓ પોઝિટિવ તરીકે નોંધાયા છે. જેમાંથી ૨૫ના મોત નીપજયાં છે જયારે ૨૨૦૧ લોકોને ક્વોરન્ટીન હેઠળ રાખવામાં આવ્યાં છે. ૯૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હોવાથી તેમને હોસ્પિટલથી રજા અપાઈ છે. વતન જનારાને ચેકપોસ્ટ પરથી અપાતી પરવાનગી બંધ કરવામાં આવી છે. સુરત ક્લેક્ટર ડો. ધવલ પટેલે ઓડિયો મારફતે જાહેરાત કરી હતી કે, તમામ ચેકપોસ્ટ પરથી વતન જવા માટે શ્રમિકોને અપાતી પરવાનગી બંધ કરવામાં આવે છે. હવે જે લોકો રાજસ્થાન ઓડિશા જવા માંગતા હોય તેમણે ઓનલાઈન અરજી કરવાની રહેશે અને ત્યારબાદ જવા દેવામાં આવશે. જો કે ચેકપોસ્ટ પર તેમનું સ્ક્રિનિંગ કરવામાં આવશે.પોલીસ કમિશનર આર.બી.બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, ૧૭મી સુધી લોકડાઉન વધારવામાં આવ્યું છે. શહેરીજનોએ પ્રથમ બે તબક્કામાં સહકાર આપ્યો તેમ જ ત્રીજા તબક્કામાં વધુ સહકાર આપે તે જરૂરી છે. જે કોઈ વ્યક્તિની પાસે બસ હશે એમને સાથે મિટિંગ કરી પરપ્રાંતીયઓ માટે વ્યવસ્થા કરવામાં આવશે.પરપ્રાંતીયોને જેમને પણ વતન જવું હશે તેમના માટે વ્યવસ્થા કરવામાં આવશે. આ વ્યવસ્થા બંધ નહિ થાય.

સુરતમાં સંખ્યા વધારે છે જેથી બધા પ્રમુખ પોતાના લોકોને જાણ કરે કે બધા માટે વ્યવસ્થા થશે તેમ જણાવતા કમિશનરે જણાવ્યું હતું કે,કોઈ પણ રેલવે જઈ ભીડ ના કરે. બસ દ્વારા રેલવે મોકલવામાં આવશે અને ત્યાંથી વતન. બસો પણ વધારે ભાડું ના લે તે માટે નિ પણ વિનંતી કરાશે. સુરતના સચિન વિસ્તારમાંથી શ્રમીકોને લઈને વારાણસી જઈ રહેલી બસને પરત મોકલવામાં આવી છે.હાલોલ ચેકપોસ્ટ પરથી ગુજરાત પોલીસ દ્વારા સુરતથી રવાના થયેલી ચાર બસ પરત મોકલવામાં આવતા શ્રમિકોની મુશ્કેલીમાં વધારો થયો છે. લોકોને પરત મોકલાતા આ અંગેની ફરિયાદ નવસારી સાંસદ સી.આર.પાટીલે ગૃહમંત્રાલયમાં કરી છે.

અમદાવાદ કાલુપુર વિસ્તારમાંથી હોલસેલ માર્કેટમાંથી પાનમસાલા કાઢવાનું નેટવર્ક સક્રિય

કુલ ૧.૨૬ લાખનો મુદ્દામાલ સાથે ત્રણ નબીરાઓની કરાઈ ધરપકડ

અમદાવાદ,તા.૦૨

કોરોના કાળમાં પાનમસાલા અને બીડી-સિગારેટ નાશનું મૂળ બની શકે છે. આવી આશંકા વચ્ચે ગુજરાત સરકારે લાદેલા પ્રતિબંધથી શહેરમાં એક લાખ જેટલા નાના-મોટા પાનપાર્લર, લારી-ગલ્લા પર વેચાણ બંધ કરાવી દીધું છે. મોટાભાગના ગલ્લા, પાર્લર બંધ છે છતાં નશાના બંધાણીને પાનમસાલા, બીડી-સિગારેટ મળતાં રહે છે. આમ થવા પાછળ કાલુપુર વિસ્તારમાં આવેલી હોલસેલ માર્કેટમાંથી માલ કાઢવાનું નેટવર્ક સક્રિય થયાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. આંચકારૂપ બાબત એ છે કે, કાલુપુરમાં આવેલી ૧૦૦ જેટલા હોલસેલ દુકાનોમાંથી અમુક દુકાનો કોરોના કન્ટેન્મેન્ટ એરિયામાં અથવા તો તેની બાજુમાં જ છે. આવી દુકાનોમાંથી વહેલી સવારે પાન-મસાલા અને બીડી-સિગારેટ પોલીસની મહેરબાનીથી શહેરના અન્ય વિસ્તારોમાં ઘૂસાડવામાં આવે છે.

દરિયાપુર-કાલુપુર પોલીસની હદ પડે છે તેવા વિસ્તારમાં અમુક ખાખી વર્દીધારી પોતાના લાભ માટે લાખો વ્યસની મોતના મૂખમાં ધકેલાય તેવી સ્થિતિ પેદા કરી રહ્યાં છે. બજારના જાણકાર સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના કાલુપુર ચોખાબજાર, ફૂટ માર્કેટ આસપાસના વિસ્તારમાં ૧૦૦થી વધુ હોલસેલરની દુકાનો છે. આસપાસના પોળ વિસ્તારોમાં અનેક વેપારીના ગોડાઉન આવેલાં છે. મોટાભાગના ગોડાઉન કન્ટેન્મેન્ટ એરિયા અને આસપાસ જ આવેલા છે. આમ છતાં, આ ગોડાઉનોમાંથી વહેલી સવારે ૪થી ૬ના સમયગાળામાં પાનમસાલા અને બીડી-સિગારેટનો જથ્થો બેરોકટોક હેરાફેરી કરી શહેરના પશ્ચિમ વિસ્તારોમાં પહોંચતો કરવામાં આવે છે.

વેજલપુરમાં ૧.૨૬ લાખના પાન-બીડી અને મસાલા કબજે કરાયા છે. જીવરાજ પાર્કની મોરારજી પાર્ક સોસાયટીમાં અનિલભાઈ પટેલ અને હેમીલ પટેલ ઉપરાંત અશ્વલેખા ફ્લેટમાં રહેતા જયંતીભાઈ મનજીભાઈ પટેલ સામે ગુનો નંધાયો છે. પોલીસ કન્ટ્રોલ રૂમને મળેલા મેસેજના આધારે તપાસ કરી ત્રણ શખ્સોને તપાસી બીડી, સિગારેટ, તમાકુ, સોપારી, પાનમસાલા, આખી સોપારી વગેરે મળી કુલ ૧.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જયારે, વસ્ત્રાપુર પોલીસે રામેશ્વર રો હાઉસમાં યશ જોષી અને જીતુ રાવળને પાનમસાલા, બીડી-સિગારેટનું વેચાણ કરતાં પકડી પાડ્યાં છે. બન્ને શખ્સો અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલ પાસે પ્લાસ્ટિકના થેલામાં રાખી વેચાણ કરતા હતા તેવો જથ્થો કબજે કરાયો છે.

ભારતના વિદેશી હૂંડિયામણમાં ૧૧.૩ કરોડ ડોલરનો ઘટાડો

મુંબઈ,તા.૨

વિતેલા કેટલાક સપ્તાહો દરમિયાન સતત વૃદ્ધિ દર્શાવ્યા બાદ ભારતના વિદેશી હૂંડિયામણમાં ઘટાડો જોવા મળ્યો છે. રિઝર્વ બેંકના આંકડા મુજબ ૨૪ એપ્રિલના રોજ સમાપ્ત થયેલા સપ્તાહ દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ૧૧.૩ કરોડ ડોલર ઘટીને ૪૭૯.૪૫ અબજ ડોલર થયુ છે. ફોરેક્સ રિઝર્વમાં ધોવાણ એ વિદેશી ચલણમાં ઘટાડાને આભારી છે. જ્યારે તેની અગાઉના સપ્તાહ દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ૩.૦૯ અબજ ડોલર વધીને ૪૭૯.૫૭ અબજ ડોલર નોંધાયુ હતુ.નોંધનિય છે કે વિતેલ ૬ માર્ચ, ૨૦૨૦ના રોજ સમાપ્ત થયેલા સપ્તાહના અંતે ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડોળ ૫.૬૯ અબજ ડોલર વધીને ૪૮૭.૨૩ અબજ ડોલરની ઐતિહાસિક ઉંચાઇને આંબી ગયુ હતુ.

તો વિતેલ સમગ્ર નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ભારતના વિદેશી હૂંડિયામણમાં ૬૨ અબજ ડોલરનો વધારો થયો છે.

ગત ૨૪ એપ્રિલના રોજ સમાપ્ત થયેલ સપ્તાહ દરમિયાન ફોરેન કરન્સી એસેટ્સ જે સમગ્ર વિદેશી હુંડિયામણ ભંડોળનો એક મુખ્ય હિસ્સો છે તે ૩૨.૧ કરોડ ડોલર ઘટીને ૪૪૧.૫૬ અબજ ડોલર રહ્યો હતો. ફોરેન કરન્સી એસેટ્સમાં ભારત પાસે યુએસ ડોલર સિવાય યેન, યુરો, પાઉન્ડ, યુઆન અને અન્ય દેશોની અનામતોના યુએસ ડોલરની સાથેના વિનિમય મૂલ્યમાં થયેલા વધારા-ઘટાડાની અસર પણ જોવા મળે છે.

રિઝર્વ બેંકના આંકડા મુજબ સમિક્ષાધીન સમયગાળા દરમિયાન ભારતનું ગોલ્ડ રિઝર્વ ૨૨.૧ કરોડ ડોલર વધીને ૩૨.૯૦ અબજ ડોલર થયુ હતુ. તો ઇન્ટરનેશનલ મોનેટરી ફંડમાં ભારતના સ્પેશિયલ ડ્રોઇંગ રાઇટ્સ ૬૦ લાખ ડોલર ઘટીને ૧.૪૨ અબજ ડોલર થયા હતા. તો ભારતની રિઝર્વ પોઝિશન પણ ૮૦ લાખ ડોલર ઘટીને ૩.૫૭ અબજ ડોલર થઇ હતી.

અમદાવાદની કેન્સર હોસ્પિટલમાં શરૂ કરાઈ કોરોનાના દર્દીઓની સારવાર

અમદાવાદ,તા.૦૨

કોરોનાનું સંક્રમણ અટકાવવા રાજ્ય પ્રશાસન યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે. એક પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત ન કર્યું હોય. રાજ્ય સરકાર દ્વારા કોરોનાના સંક્રમિત દર્દીઓ માટેની ડેઝિગ્નેટેડ ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં પોઝિટિવ લક્ષણો ધરાવતા દર્દીઓને સારવાર અપાય છે. તો સાથે સાથે શંકાસ્પદ દર્દીઓને પણ અહીં રાખવામાં આવે છે. અમદાવાદની પ્રખ્યાત કેન્સર હોસ્પિટલમાં આ સારવાર શરૂ કરાઈ છે. રાજ્યમાં કોરોનાના વધતા દર્દીઓને ધ્યાને લઈને રાજ્ય સરકારે અન્ય સરકારી હોસ્પિટલો તેમજ ખાનગી હોસ્પિટલોને પણ કોવિડ સેન્ટર તરીકે ચાલુ કરવા કાર્યવાહી હાથ ધરી છે. તેના ભાગરૂપે સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં કાર્યરત ગુજરાત રિસર્ચ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ સંચાલિત કેન્સર હોસ્પિટલની નવનિર્મિત ઈમારતને પણ હવેથી કોવિડ સેન્ટર તરીકે કાર્યરત કરાઇ છે. ૨૬૨ બેડની સુવિધા ધરાવતી આ હોસ્પિટલમાં પણ હવે દર્દીઓ સારવાર માટે દાખલ કરી શકાશે. ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડોક્ટર શશાંક પંડ્યાએ જણાવ્યું છે કે, ૨૬૨ બેડની કેપેસિટી ધરાવતી આ સંસ્થામાં ૧૫૦ તબીબો, ૧૫૦ નર્સિંગ સ્ટાફ, ૫૦ ટેકનિશિયન, ૫૦ પેરામેડિકલ સ્ટાફ, ૧૨૦ સેવકો કાર્યરત છે. હાલ એક વોર્ડમાં કોરોનાના પોઝિટિવ લક્ષણો ધરાવતા ૯ દર્દીઓ દાખલ કરાયેલા છે. એટલું જ નહી બે આઈ.સી.યુ વોર્ડમાં ૨૦ બેડની સુવિધા છે. તથા ૨૨ વેન્ટિલેટર ઉપલબ્ધ છે. સાથે સાથે દરેક બેડ વેન્ટિલેટરમાં કન્વર્ટ થઇ શકે તેવી વિશેષ સુવિધા પણ છે.

બનાસકાંઠા જિલ્લામાં એક સાથે ૧૦ દર્દીઓ સાજા થતા હોસ્પિટલમાંથી અપાઈ રજા

બનાસકાંઠા,તા.૦૨

ગુજરાતમાં કોરોના મહામારીનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. જેને લઈને કોરોનાના દર્દીઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જો કે બીજી તરફ કોરોનાને મ્હાત આપનાર દર્દીઓને હોસ્પિટલમાંથી રજા પણ મળી રહી છે. જેમાં રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં વધુ ૧૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે, આ તમામ દર્દીઓને રજા આપવામાં આવી છે.પ્રાપ્ત મળતી વિગત અનુસાર રાજ્યના બનાસકાંઠા જિલ્લામાં વધુ ૧૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થતાં તમામ દર્દીઓને રજા આપવામાં આવી છે. પાલનપુરની કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી ડોક્ટર અને મેડિકલ સ્ટાફ દ્વારા માનભેર વિદાય આપવામાં આવી છે.

કોરોના મહામારી વચ્ચે સુરતથી ૯૧ બસોમાં હજારો શ્રમિકો વતન માટે રવાના

સુરત,તા.૦૨

કોરોનાની મહામારી વચ્ચે સુરતમાં ફસાયેલા લાખો પરપ્રાંતિય શ્રમીકોનો વતન જવાનો માર્ગ મોકળો થતા કભી ખુશી કભી ગમ જેવા દૃશ્યો જોવા ઠેરઠેર જોવા મળી રહ્યાં છે. મોટાભાગે વાહન અને તેના ભાડાની સમસ્યાથી શ્રમિક વર્ગ પરેશાન છે તેમ છતાં એકદંરે વતન જવા સૌએ પોતા-પોતાની રીતે રીતસર દોટ મૂકી છે. અત્યાર સુધી સુરતમાંથી ૯૧ બસો ભરીને હજારો લોકો પોતાના વતન જવા રવાના કરવામાં આવ્યા છે જેમાં નવસારીના સાંસદ સી. આર. પાટીલનું મોટું યોગદાન રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૦થી વધુ શ્રમિકોએ સુરતને અલવિદા કહી દીધી છે. ગુરુવારે સાંજે ૪ વાગ્યાથી લઈને શુક્રવારના સાંજના ૭ વાગ્યા સુધીમાં ૫૪૦૦ વાહનો સુરતથી નીકળી ચૂક્યા હતા. શ્રમિકોને ઘરવાપસીની પરવાનગી માટે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન બાદ ગુરુવારે બપોર બાદ જિલ્લા કલેક્ટર ડો. ધવલ પટેલે ચેકપોસ્ટ ઊભી કરવાની જાહેરાત કરતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઓન ધ સ્પોટ મંજૂરી આપવા બારડોલી, માંડવી, ધામદોડ અને પલસાણા પાસે ચેકપોસ્ટ ઊભી કરવામાં આવી છે. ઓડિસા, રાજસ્થાન અને મધ્યપ્રદેશના શ્રમિકો મોટી સંખ્યામાં વતન જવા નીકળી પડ્યા હતા. જોકે સુરતથી વતન જનારા શ્રમિકોની ચેકપોસ્ટ ડિટેઈલ રાખવામાં આવશે કે જ્યાં તેઓનું સ્ક્રીનીંગ કરી વતન જવાની મંજુરી અપાઈ રહી છે.

કોરોનાનો કેર વચ્ચે ગુજરાતમાં અમેરિકાની સફેદ માખી પ્રવેશતા ખેડૂતોની ચિંતામાં વધારો

જૂનાગઢ,તા.૦૨

કોરોનાનો કહેર માનવજાત માટે ઘાતક થઈ છે ત્યારે દરિયા વિસ્તારમાં નાળિયેરીનાં બગીચામાં કોરોના વાયરસ જેમ ઘાતક સફેદ માખીનો ઉપદ્રવ ફેલાયો છે. ગુજરાતમાં પ્રથમ વખત જોવા મળેલી અને ખાસ કરીને જૂનાગઢ જિલ્લામાં સફેદ માખીએ ખેડૂતોને હેરાન પરેશાન કરી મૂક્યા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, ઉત્તર અમેરિકાના ફ્લોરિડામાંથી ભારતમાં પ્રવેશ કરી ૨૦૧૮માં તામિલનાડુ કેરળમાં સફેદ માખીનો ઉપદ્રવ જોવા મળ્યો હતો, અને હવે આ માખીનો પગપેસારો સૌપ્રથમ વખત ગુજરાતમાં થયો છે. ખાસ કરીને જૂનાગઢ જિલ્લામાં જ આ માંખી દરિયાઈ વિસ્તારના નાળિયેરીના બગીચાઓમાં જોવા મળી રહી છે જેમાં દરિયાઈ પટ્ટીમાં વિસ્તારોમાં આવતા આ માંખીએ ભારે આતંક મચાવ્યો છે. જેના કારણે નાળિયેરના પાકને મોટેપાયે નુકસાન થઈ રહ્યું છે. જો આ સફેદ માખીને અટકાવવામાં નહીં આવે તો બીજા અન્ય પાકોને પણ નુકસાન પહોંચે તેવી પૂરી સંભાવના છે. આ સફેદ માખીને રુગોસ સ્પાય રેલીંગ વાઇટ ફ્લાય નામની જીવાત તરીકે ઓળખવામાં આવે છે. નાળિયેરની ખેતી કરતા ખેડૂતો કેરળથી નાળિયેરના રોપા લઈને આવ્યા તેમાંથી આ માંખીનો પ્રવેશ ખાસ કરીને ગુજરાત અને જૂનાગઢમાં થયો હતો. આ માખી સામાન્ય માંખી કરતા ત્રણ ગણી મોટી છે અને હાલ સફેદ માખીએ પોતાનો વિસ્તાર વધારી ગુજરાતના દરિયાકાંઠા ઉપર ખાસ કરીને માંગરોળ વેરાવળના નાળિયેરના બગીચાઓને મિશન બનાવ્યું છે. આ માંખી માતા કીટક પાન પર ગોળાકાર આકૃતિમાં ઈંડા મૂકે છે જેના ઉપર સફેદ કલરનું મીણ જેવું આવરણ પણ જોવા મળે છે જેને કારણે પાન કાળા પડી જાય છે અને જે પોષણ મળવું જોઈએ તે મળતું નથી અને નાળિયેરનો પાક નિષ્ફળ જાય છે. મોટાભાગના ખેડૂતોને નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. હાલ તો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ આ અંગેની માહિતી મળી છે .

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ,